## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી... ફાસ્ટ ફુડ ખાવાથી ફાસ્ટ ન થયો... સ્માર્ટ ફોન રાખવાથી સ્માર્ટ પણ ન થયો... પણ લુઝમોશન થવાથી લુઝ થઈ ગયો... એવું કેમ...??

# શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રથમ દિવસે ૩૮ દર્દીઓ તાવથી પિડાતા મળ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજથી શરૂ કરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૩૮ તાવના દર્દીઓ મળી આવતાં તેમના લોહીના નમુના લઈ અને ચકાસણી અર્થે મોકલવામાં આવ્યા છે.

શહેરી મેલેરિયા તંત્રની યાદીમાં જણાવાયા મુજબ આજે પ્રથમ દિવસે ૫૮૦૦ જેટલા ઘરોને આવરી લેવામાં આવ્યા હતા તેમજ ૨૨ જેટલા શૈક્ષણિક સંકુલોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

હીટવેવના માહોલ વચ્ચે ૪૨ જેટલા સ્થાનો પરથી મચ્છરોના પોરા જુદા જુદા પાત્રોની ચકાસણી દરમ્યાન મળી આવતાં આરોગ્યતંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આ બધા જ પોરાઓનો નાશ કરવાની કામગીરી પણ તંત્રની ટીમો દ્વારા કરવામાં આવી છે.

૨૯મી એપ્રિલ સુધી આ સર્વેલન્સની કામગીરી ચાલવાની છે. આ માટે ગાંધીનગર શહેરને સાત જેટલા વિભાગ અને પેટા વિભાગોમાં વહેંચી અને કામગીરી શરૂ કરવામાં આવી છે.

તંત્રની ટીમોએ આજે ૯૫૦૦થી પણ વધુ પાત્રોની ચકાસણી કરી હતી. પોરા મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રના અધિકારીઓએ સર્વેલન્સમાં વધુ ચોકસાઈ સાથે આગળ વધવા માટેની સૂચનાઓ પણ આજે આપી છે.

શહેરી વિસ્તારમાં ૩૮ જેટલા નોંધાયેલા તાવના દર્દીઓની હકીકતને પણ તંત્રએ ગંભીરતાથી લીધી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.





## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૦૦ જેટલા સ્થાનો પરથી મચ્છરના પોરા મળ્યા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મલેરિયા અંગે હાથ ધરાયેલ સર્વેલન્સમાં પ્રથમ દિવસે જ અઢી લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૭૩૪ જેટલા લોકોને તાવ હોવાનું જણાતાં તેમના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં આજે ૫૩,૬૧૯ જેટલા ઘરોને આવરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૭૦૦ જેટલા સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવતાં તેનો નાશ કરવામાં આવ્યો છે. જિલ્લાના ૧૩૦૦થી પણ વધુ કર્મયોગીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો આરંભ થયો છે. જે ૨૯મી એપ્રિલ સુધી ચાલશે. સર્વેલન્સના આજના પ્રથમ દિવસે ૩૫ જેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે. જે પૈકીના ૨૦ જેટલા ગામો સંપન્ન થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ ગત વર્ષે પણ બે તબક્કે હાથ ધરવામાં આવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

## વણઝારાએ રાજનીતિમાં પ્રવેશનો સંકેત આપ્યો

અમદાવાદ, તા. ૨૪

નિવૃત્ત આઈપીએસ અધિકારી ડી.જી.વણઝારાએ પોતાની સામાજિક એકાત્મતા રેલી દરમ્યાન એક રીતે શકિત પ્રદર્શન કર્યું હતું અને આડકતરી રીતે આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં ગમે ત્યારે ઝંપલાવી શકે તેવો સંકેત પણ આપી દીધો હતો. જો કે, વણઝારાએ સ્પષ્ટ કર્યું હતું કે, જરૂર પડશે તો હું રાજકારણમાં ઝંપલાવીશ અને ચૂંટણી પણ લડીશ. રોડ શો દરમ્યાન વચ્ચે વચ્ચે તેમનું અભિવાદન કરતી જનતાનો આભાર માનતાં જણાવ્યું હતું કે, તેમનું સન્માન કરવાની કોઈ જરૂર નથી. હું એટલું ઈચ્છું છું કે, જાહેરજનતા ગુજરાત પોલીસનું સન્માન કરે અને તેમનો આદર જાળવે. તેમણે ઉમેર્યું કે, ગુજરાત પોલીસ અને તેમના પરિવારજનો માટે હું હરહંમેશ મદદ માટે તૈયાર અને તત્પર છું.

## નરોડા ગામ કેસમાં સ્પેશિયલ જજ બદલવાની ફરી માંગણી

ગુજરાતના અતિસંવેદનશીલ રાયોટીંગ કેસો પૈકીના નરોડા ગામ કેસના ટ્રાયલની સુનાવણી ડેઝીગ્નેટેડ કોર્ટ સમક્ષ ચાલી રહી છે ત્યારે આ કેસના સ્પેશ્યલ જજને બદલવા માટે પીડિતપક્ષ તરફથી આજે એક બીજી નવી અરજી ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સહિતના સંબંધિત સત્તાવાળાઓને લખી અગાઉની માંગણીનો પુનરોચ્ચાર કરાયો છે. નરોડા ગામ કેસના નજરે જોનાર સાક્ષી મલેક મોહમંદ શરીફ રફીકમીયાં તરફથી લખાયેલી આ અરજીમાં નરોડા ગામ કેસમાં ડો.માયાબહેન કોડનાની સહિતના આરોપઓને બચાવવા ચોક્કસ પ્રકારે ગોઠવણ કરાઈ રહી હોવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે.

## ધંધામાં ખોટ જતા યુવાને લુંટનું તરકટ રચ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના એક ગામનો યુવાન આજે એલસીબી કચેરીએ આવ્યો હતો. પોલીસ સમક્ષ ગભરાઈ ગયેલા યુવાને રીક્ષા ગેંગે પોતાને અર્ધ બેભાન કરીને લુંટી લીધો હોવાનું જણાવી ફરિયાદ નોંધાવવા આવ્યો હતો. પરંતુ પોલીસે બનાવ અંગે પુછપરછ કરતા યુવાનની થિયરીમાં વિસંગતતા જોવા મળી હતી. ત્યારબાદ પોલીસે ઉંડાણપુર્વક પુછપરછ કરતા યુવાન ભાંગી પડેલ અને પોતે લુંટની તરકટ રચ્યુ હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર એલસીબી પોલીસ મથકે પીએસઆઈ કે.એ.પટેલ તેમજ હે.કો. હરીભાઈ અને પો.કો.હરેન્દ્રસિંહ હાજર હતા. તે સમય દરમિયાન દહેગામનો એક યુવક ગભરાઈ ગયેલી હાલતમાં આવ્યો હતો. પોતાને કોઈ રીક્ષા ગેંગે અર્ધબેભાન કરીને લુંટી લીધો હોવાની ફરિયાદ માટે યુવાન એલસીબી કચેરી ખાતે આવ્યો હતો. જેથી યુવકને પોલીસે સાંત્વના આપી બેસાડી થોડીવાર પછી બનાવ અંગે પુછપરછ કરી હતી. પરંતુ યુવાનના જણાવ્યા મુજબની હકીકતમાં ઘણી વિસંગતતા જોવા મળતા યુવકની વધુ પુછપરછ વિવિધ થિયરી મુજબ કરતા આખરે યુવક ભાંગી પડયો હતો. યુવકના જણાવ્યા મુજબ પોતાના ધંધામાં ખોટ જતા માતાનો હાર પૈસાની જરુરીયાત હોવાથી માતાની જાણ બહાર ગીરવે મુક્યો હતો. તે છોડાવવા માટે રૂ.૨૨,૦૦૦ની જરુરીયાત હતી. પોતાના ધંધાની ઉઘરાણીમાંથી આવેલી રકમ અને બે મોબાઈલ ફોન પોતાના પરિવાર છુપાવી લુંટનું નાટક રચીને પાછળથી રૂપીયા તેમજ મોબાઈલ ફોન જે સ્થળ પર સંતાડેલ તે જગ્યાથી લઈને તે રૂપીયાથી માતાનો હાર છોડાવી લઈશ તે માટે આ આખું નાટક રચ્યું હતું. યુવકે પોતાની ભુલ સ્વીકારતા પોલીસે તેના પરિવારનો સંપર્ક કરીને પરિવારના અન્ય સભ્યોને બોલાવી હકીકતથી વાકેફ કરીને યુવક ભવિષ્યમાં ફરીથી આવું ન કરે તે માટે શિખામણ આપીને પરિવાર સાથે મિલાપ કરાવી રૂપીયા તેમજ બે મોબાઈલ ફોન સોંપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ ગાંધીનગર એલસીબી પોલીસે પુરુ પાડ્યું હતું.

# પથિકાશ્રમની પાછળ ૧૦થી વધુ હોટલો પર દબાણ ટીમ ત્રાટકી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં દબાણકારો સામે દબાણ તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ છે. શહેરને દબાણ મુકત કરવાના અભિયાનમાં દબાણ કર્મચારીઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. શહેરમાં લારી-ગલ્લા, હોટલો અને ઝુંપડાના દબાણકારોનો રાફડો ફાટ્યો છે. ત્યારે આજે શહેરના સે-૧૧ એસટી ડેપો અને પથિકાશ્રમની બાજુમાં આવેલ હોટલો પર દબાણ ટીમે સપાટો બોલાવ્યો હતો. ૧૦ થી વધુ હોટલ સંચાલકોના દબાણો વિભાગ દ્વારા દુર કરી જગ્યા ખાલી કરી દેવાઈ હતી. લારી-ગલ્લાના દબાણકારો સામે અચાનક તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવતા વેપારીઓ પણ અચંબામાં પડી ગયા હતા. જયારે દબાણ ટીમે ઘ-૪ થી ઘ-૫ વચ્ચે આવેલ ૫ થી વધુ નડતરરૂપ લારીના દબાણ પણ દુર કર્યા છે. જયારે સે-૧૧માં દબાણટીમ અચાનક આવી જતા કાફલા સાથે આવી જતા વેપારીઓમાં માલસામાન બચાવવા નાસભાગ મચી જવા પામી હતી. જયારે આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ સેકટરોમાં દબાણ વિભાગની ઝુંબેશ ચાલુ રહેશે. તેમ દબાણ વિભાગના અધિકારી મહેશ મોડે જણાવ્યું હતું. તાજેતરમાં તંત્ર એ ઘ-૫ થી એલડીઆરપી માર્ગ પરના લારી-ગલ્લા તેમજ ઝુંપડા સહિતના દબાણનો સફાયો કરી દીધો હતો. જયારે આજે ઘ-૪ થી ઘ-૫માં ઉભા રહેતા નડતરરૂપ પાંચથી વધુ ગલ્લાના દબાણો દુર કરાયા છે. શહેરમાં દબાણનો પ્રશ્ન આવતા અધિકારીઓ પણ માંથા ખંજવાળે છે. રાત્રે ન વધતા દબાણો દિવસે વધી જાય છે. મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર લારી ગલ્લાના દબાણો અતિશય થઈ જવા પામ્યા છે.ત્યારે મનપાની દબાણ ટીમના વડા મહેશ મોડના નેતૃત્વમાં શહેરના વિવિધ સેકટરોમાં લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે.ત્યારે આજે સે-૧૧માં એસટી ડેપો અને પથિકાશ્રમ હોટલની બાજુમાં આવેલ ગલીમાં કાર્યરત ૧૦ થી વધુ હોટલો-લારીઓનો મોટો ખડકલો જોવા મળે છે. પરંતુ કોઈની પણ શેહશરમ રાખ્યા વિના દબાણ ટીમે વિવિધ હોટલો, લારીઓ, તેમજ ગલ્લાના સહિતના દબાણ દુર કરી દીધા છે. શહેરમાં આગામી સમયમાં પણ દબાણ ટીમની આ ઝુંબેશ કાર્યરત રહેશે.





## સ્વર્ણિમ પાર્ક ખાતે ઉજવાયી ‘પરી’ની અનોખી બર્થ-ડે પાર્ટી

ગાંધીનગરનો સ્વર્ણિમ પાર્ક શહેરના પરિવારો માટે આનંદ માણવાનું અને હળવા થવાનું સૌથી લોકપ્રિય સ્થળ બન્યું છે. આ પાર્કમાં નગરજનો અનેક મોજમસ્તી અને હર્ષ-ઉલ્લાસની પળો માણે છે. જો કે રવિવારે રાત્રે ૮ વાગે આ પાર્કમાં એક અનોખી બર્થ ડે પાર્ટી યોજાઈ હતી. જેમાં એક એવી દિકરીનો જન્મ દિવસ ઉજવાયો હતો જેના પોતાના માતા-પિતા હયાત હોવા છતાં તેનાથી દૂર થઈ ગયા છે અને તેનું લાલનપાલન એવા સેવાભાવી કરી રહ્યા છે જેમની સાથે તેને જોજનો દૂરનો પણ નાતો નથી. આ પાર્ટીમાં સામેલ વ્યક્તિઓને પણ આ દિકરી ઓળખતી નથી પરંતુ બધાએ ભેગા મળી માનવતાના ધોરણે તેને અણમોલ ખુશીઓ ભેટ ધરી હતી.

શહેરના સેક્ટર-૨૫માં શિવમ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ થકી અનાથ બાળકોની ઉછેરી શિક્ષણ આપવાનો સેવા યજ્ઞ કરતા રાજુભાઈ પીઢડીયા પાસે દોઢેક વર્ષ પહેલા કોઈ વ્યક્તિ દોઢ વર્ષની ‘પરી’ નામની બાળકી મુકી ગયું હતુ. આ દિકરી નામ પ્રમાણે પરી જેવી જ માસુમ છે પરંતુ તેના પિતા પરિવાર છોડી ક્યાંક ચાલ્યા જવાથી માતા પણ માનસિક બિમારીનો ભોગ બની ચૂક્યા છે. આથી માતા-પિતા હોવા છતાં ‘અનાથ’ જેવી પરિસ્થિતિમાં મુકાયેલી આ દિકરીને રાજુભાઈ પીઢડીયા અને તેમની સંસ્થા સંભાળી રહી છે અને હાલ ત્રણ વર્ષની થયેલી દિકરીને પ્લેગ્રૃપમાં ભણાવી પણ રહ્યાં છે. આ ‘પરી’નો રવિવારે ચોથો જન્મ દિવસ હતો અને કલોલના લાયન્સ કલબ પરિવારે તેનો જન્મદિવસ ઉજવવાનું આયોજન કર્યુ હતુ. તેથી ઘ-૪ સર્કલ પાસેના બેંક ઓફ બરોડા સામેના સ્વર્ણિમ પાર્ક ગાર્ડનમાં તેની વર્ષગાંઠ ઉજવવા પાર્ટી ગોઠવવામાં આવી હતી. આ બર્થ ડે પાર્ટીમાં કેક કાપી, ચોકલેટો વહેંચી ‘પરી’ને રમકડાં સાથે સાયકલની ભેટ આપવામાં આવી હતી.

ગાંધીનગરના વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ પણ આ બર્થ ડે પાર્ટીમાં ઉપસ્થિત રહ્યાં હતા અને પરીને તેમણે ચાંદીની ઝાંઝર ભેટમાં આપી હતી. આ ઉપરાંત આપણુ ફાઉન્ડેશન દ્વારા પરીને સુંદર મજાના સેન્ડલ ભેટ આપવામાં આવ્યા હતા. પાર્ટીમાં ઘ-૫ ગુલાલવાડી ભાજીપાઉંવાળા કુંજભાઈ તરફથી તમામને પાઉંભાજીની મિજબાની કરાવવામાં આવી હતી.



## આધાર કાર્ડ આધારિત એલઆઈસીના બે નવા પ્લાન

### પુરુષો માટે ‘આધારસ્તંભ’ અને મહિલાઓ માટે ‘આધાર શિલા’ લોન્ચ કરાયા

ગાંધીનગર, તા. ૨૪

કેન્દ્ર સરકાર દ્વારા ભ્રષ્ટાચાર નાબુદી અને કેશલેસ ઈકોનોમી માટે હવે આધાર કાર્ડને મુખ્ય હથિયાર તરીકે ઉપયોગમાં લેવા પગલાં લેવાઈ રહ્યા છે. આ માટે સરકારે તમામ બેંક ખાતાઓને આધારકાર્ડથી લીંક કરવા અલ્ટીમેટમ આપી દેવાયું છે. આ ઉપરાંત વિવિધ નાણાંકીય સેવાઓમાં પણ આધારકાર્ડને ફરજિયાત બનાવવા અંગે આયોજન હાથ ધરાઈ રહ્યું છે. ભારતીય જીવન વિમા નિગમ દ્વારા આ બાબતને ધ્યાનમાં રાખીને આધારકાર્ડ આધારિત બે નવા પ્લાન આજે લોન્ચ કરવામાં આવ્યા છે.

એલઆઈસી દ્વારા આજે પુરુષ વિમેદારો માટે ‘આધાર સ્તંભ’ અને મહિલા વિમેદારો માટે ‘આધાર શિલા’નામના બે પ્લાન લોન્ચ કરાયા છે. આ બંને પ્લાન સુરક્ષા સાથે બચતને પ્રોત્સાહન આપે છે. તેમજ પ્લાનમાં અરજદાર પોતની સગવડ મુજબ પ્રિમિયમ ચુકવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. બંને યોજનાઓમાં ૮ વર્ષથી ૫૫ વર્ષની વ્યકિતનો મેડીકલ ટેસ્ટ વગર વિમો લઈ શકાય છે. વળી આ બંને પ્લાનમાં જરુરિયાત મુજબ ટર્મની પસંદગી પણ શકય છે. આ પ્લાન ખરીદવા માટે અરજદારે આધારકાર્ડ રજૂ કરવું ફરજિયાત છે.

## આંદોલનને સફળ બનાવવા કરણસિંહ વાઘેલાએ જિલ્લાના વકીલોનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૨૪

લૉ કમીશન ઓફ ઈન્ડિયા દ્વારા ધી એડવોકેટ એક્ટ બિલ-૨૦૧૭ને રદ કરાવવા માટે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા અને બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તરફથી જે ઉગ્ર આંદોલન કરવા માટેના કાર્યક્રમો જાહેર કરવામાં આવેલ હતા તેમાં ગાંધીનગર બાર એસોસીએશન, ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ બાર એસોસીએશન, કલોલ બાર એસોસીએશન, માણસા બાર એસોસીએશન તથા દહેગામ બાર એસોસીએશનના પ્રમુખો તથા કારોબારી સભ્યો, તેમજ ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકા અદાલતના તમામ વકીલ ભાઈઓ અને બહેનોએ આંદોલનને સફળ બનાવવા માટે જે ‘વકીલ એકતા ઝીંદાબાદ’ના નારા સાથે સંગઠનની ભાવના રાખીને સ્થાનિક તેમજ વ્યક્તિગત તમામ વાદ-વિવાદ અને રાજકીય બાબતોને દૂર રાખી એક સુત્રતામાં રહીને સંપૂર્ણ બંધ પાડીને બિલની હોળી કરી, જિલ્લા કલેક્ટર અને મામલતદારને આવેદનપત્ર આપીને અને કોર્ટ કાર્યવાહીથી અળગા રહીને આંદોલનને સફળ બનાવેલ છે તે માટે માત્ર અને માત્ર વકીલ મિત્રોની એકતા અને સંગઠનને સફળતા મળેલ છે અને સમગ્ર ભારતના વકીલોના પ્રચંડ વિરોધને કારણે લૉ કમીશનને ઝુકવુ પડેલ છે અને રવિશંકર પ્રસાદ કાયદા મંત્રી ભારત સરકારને મધ્યસ્થી રહીને વકીલો અને સંસ્થાને વિશ્વાસમાં લઈને બિલ અંગે નિર્ણય લેવામાં આવશે તેવી બાંહેધરી આપવા માટે મજબૂર થવુ પડેલ છે અને વકીલોના આંદોલનને સફળતા મળેલ છે. તે બદલ આપ ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામના તમામ વકીલ મિત્રોને ખુબ ખુબ આભાર માનુ છુ અને આવનાર સમયમાં ‘ગુજરાત એડવોકેટ પ્રોટેક્શન બિલ’ અમલમાં લાવવા માટે પણ આપ બધાનો સાથ અને સહકાર મળશે તેવી આશા રાખુ છુ.



નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારી સાથે પ્રતિનિધિમંડળે રાજકોટ ડેરીની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા તથા ભાજપના અગ્રણી ચેતનભાઈ રામાણી અને ગુજરાતના રાજ્ય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજા સાથે જોડાયા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in